# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આઝાદી પછી સૌથી વધુ મતદાન થયું, -તમિલનાડુમાં ૮૪.૬૯ ટકા મતદાન

2) Ai સંબંધિત જોખમો સામે સતર્ક રહેવા નાણાં મંત્રાલયની બેન્કોને સૂચના

3) બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આજે વિધાનસભામાં વિશ્વાસ મત રજૂ કરશે.

4) યુદ્ધ વિરામ વચ્ચે ભારતીય દૂતાવાસે,ભારતીયોને ઈરાનમાં 'મુસાફરી ન કરવા માર્ગદર્શિકા જાહેર કરી.

5) ઇઝરાયલ અને લેબનોને યુદ્ધવિરામને ત્રણ અઠવાડિયા માટે લંબાવ્યો

6) IPLમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. POLL PERCENTAGE

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આઝાદી પછી સૌથી વધુ મતદાન થયું, જેમાં ૯૧.૭૮ ટકા મતદાન થયું. તમિલનાડુમાં પણ ગઈકાલે ૮૪.૬૯ ટકા મતદાન થયું હતું.

પશ્ચિમ બંગાળમાં લગભગ ૯૧ ટકા પુરુષો, ૯૨ ટકાથી વધુ સ્ત્રીઓ અને લગભગ ૫૭ ટકા ત્રીજા જાતિના મતદારોએ મતદાન કર્યું હતું.

જ્યારે તમિલનાડુમાં ૮૩ ટકાથી વધુ પુરુષો, લગભગ ૮૬ ટકા સ્ત્રીઓ અને ૬૦ ટકાથી વધુ ત્રીજા જાતિના મતદારોએ મતદાન કર્યું હતું.

વધુમાં, ગુજરાતના ઉમરેઠમાં પેટાચૂંટણીમાં 59.03 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે મહારાષ્ટ્રના બારામતીમાં પેટાચૂંટણીમાં 57.48 ટકા મતદાન થયું હતું અને રાહુરી પેટાચૂંટણીમાં 55.31 ટકા મતદાન થયું હતું.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. એસ.એસ. સંધુ અને ડૉ. વિવેક જોશીએ બંને રાજ્યોના તમામ મતદાન મથકો પર લાઇવ વેબકાસ્ટિંગ દ્વારા મતદાન પ્રક્રિયાનું નજીકથી નિરીક્ષણ કર્યું.

# EC - WB FRESH GUIDELINES

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે મતદાન પછી નવી માર્ગદર્શિકા જાહેર  કરી છે. મતદાન પૂર્ણ થયા પછી સર્વેલન્સ કેમેરા અને વિડીયો ડેટા હેન્ડલ કરવા માટે કડક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા હેઠળ, મતદાન પૂર્ણ થયા પછી તરત જ મતદાન મથકના કેમેરામાં ઉપયોગમાં લેવાતા SD કાર્ડ દૂર કરી શકાતા નથી. આ કેમેરા સેક્ટર ઓફિસરની દેખરેખ હેઠળ રાખવા આવશ્યક છે.

આ SD કાર્ડ ફક્ત સહાયક રિટર્નિંગ ઓફિસરની હાજરીમાં નિયુક્ત ડેટા સંગ્રહ અને પુનઃપ્રાપ્તિ કેન્દ્ર પર જ દૂર કરી શકાય છે. મતદાન દરમિયાન લેવાયેલા તમામ વિડીયો ફૂટેજ સુરક્ષિત અને વ્યવસ્થિત રીતે સાચવવા આવશ્યક છે. મતદાન ટીમના બધા સભ્યો અથવા બૂથ-સ્તરના અધિકારીએ કેમેરા સાધનો સંપૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી મતદાન મથક પર હાજર રહેવું આવશ્યક છે.

આ દરમિયાન, મતદાનના બીજા તબક્કા માટે વેબકાસ્ટિંગની ટ્રાયલ આજે સવારે 10 વાગ્યે શરૂ થશે. આ કવાયત ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવશે. 294 સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન ગઈકાલે પૂર્ણ થયું. બીજા તબક્કાનું મતદાન  29 એપ્રિલે યોજાશે. મતગણતરી 4 મેના રોજ થશે.

# SITARAMAN -BANK REVIEW

નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઇલેક્ટ્રોનિક્સ મંત્રી અશ્વિની વૈષ્ણવે શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃત્રિમ બુદ્ધિમત્તા - AI સંબંધિત નવા જોખમોની સમીક્ષા કરવામાં આવી હતી.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે AI સંબંધિત જોખમો નવા અને ગંભીર છે, જેના માટે બેંકોને વધુ સજ્જ રહેવાની જરૂર છે. તેમણે બેંકોને સાયબર સુરક્ષા મજબૂત કરવા, નિષ્ણાતની મદદ લેવા અને તેમની સિસ્ટમ પર સતત દેખરેખ રાખવા સલાહ આપી હતી.

વધુમાં, બેંકોને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અથવા સાયબર હુમલાની તાત્કાલિક સંબંધિત એજન્સીઓને જાણ કરવા અને તેમની સાથે સંકલન જાળવવા માટે કહેવામાં આવ્યું હતું. નાણામંત્રીએ ગ્રાહક ડેટા અને બેંકિંગ સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે આગોતરા પગલાં લેવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

# BIHAR –TRUST VOTE

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આજે વિધાનસભાના ખાસ એક દિવસીય સત્ર દરમિયાન વિશ્વાસ મત રજૂ કરશે. વિધાનસભા સચિવાલય દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર સૂચના પ્રમાણે , સત્ર સવારે 11 વાગ્યે શરૂ થશે, જે દરમિયાન મુખ્યમંત્રી વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરશે.

તમામ મંત્રીઓ અને ધારાસભ્યોને તેમના સંબંધિત પક્ષો દ્વારા ગૃહની કાર્યવાહીમાં હાજર રહેવા જણાવાયું  છે. સમ્રાટ ચૌધરીએ 15 એપ્રિલે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, ત્યારબાદ તેઓ વિધાનસભામાં વિશ્વાસ મત માંગશે.

243 સભ્યોની બિહાર વિધાનસભામાં, બાંકીપુરના ધારાસભ્ય નીતિન નવીનના રાજીનામા બાદ NDA પાસે 201 બેઠકો છે. આ 122 ના જરૂરી બહુમતી આંકડાથી ઘણી વધારે છે.

# NATIONAL PANCHAYATI RAJ DAY

પંચાયતી રાજ મંત્રાલય આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરી રહ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કાર્યક્રમના ભાગ રૂપે, આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીનો સંદેશ વાંચવામાં આવશે. પ્રધાનમંત્રીનો સંદેશ દેશભરના પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓમાં પ્રસારિત કરવામાં આવશે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રસંગે પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ પર એક અહેવાલ અને "મારી પંચાયત, મારો વારસો" વિષયવસ્તુ પર ત્રણ પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે. આ દિવસ ઐતિહાસિક 73મા બંધારણીય સુધારા કાયદાના અમલીકરણની યાદમાં ઉજવવામાં આવે છે, જેણે દેશમાં પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો અને કાનૂની માન્યતા આપી હતી.

# AGRICULTURE CONFERENCE - LUCKNOW

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય આજે લખનૌમાં ઉત્તરીય ક્ષેત્ર કૃષિ પરિષદનું આયોજન કરશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આ કાર્યક્રમમાં હાજરી આપશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ કૃષિને નવા વિચારો, નવી ટેકનોલોજી અને નવા બજારો સાથે જોડતું પ્લેટફોર્મ પૂરું પાડશે. આ પરિષદમાં નકલી જંતુનાશકો અને ખાતરોને નિયંત્રિત કરવા, ખાતરોના કાળાબજારને રોકવા, વિતરણ પ્રણાલીમાં સુધારો કરવા અને સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# COAL MINISTRY- SCHEM

ભારત કોકિંગ કોલ લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે વીજ ઉત્પાદન કંપનીઓ માટે કામગીરી પ્રોત્સાહન રાહત અને રોકડ છૂટ યોજનાની જાહેરાત કરી છે.

કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે, આ યોજના ફ્યુઅલ સપ્લાય કરાર હેઠળની તમામ પાત્ર વીજ ક્ષેત્રની કંપનીઓને લાગુ પડશે, જેમાં ફ્લેક્સી-લિંકેજ યોજના હેઠળના ગ્રાહકોનો સમાવેશ થાય છે - એક યોજના જે પાવર પ્લાન્ટ્સને તેમના ઇંધણ પુરવઠા કરાર હેઠળ ફાળવવામાં આવેલા કોલસા સિવાય, નજીકના સ્ત્રોતોમાંથી કોલસો મેળવવાની મંજૂરી આપે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, ત્રિમાસિક વોલ્યુમના 120 ટકાથી ઓછા કોલસાના વપરાશ માટે કામગીરી પ્રોત્સાહનો ફક્ત હાલના ઇંધણ પુરવઠા કરારની જોગવાઈઓ અનુસાર કાચા કોલસા પર જ લાગુ થશે, અને કોઈ રોકડ છૂટ સ્વીકાર્ય રહેશે નહીં. આ પહેલનો હેતુ કોલસાના વધુ વપરાશને પ્રોત્સાહન આપવા, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરવા અને વીજ ક્ષેત્રમાં ખર્ચ ઘટાડવાનો છે.

# INDIAN EMBASSY IRAN

ઈરાનમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે માર્ગદર્શિકા જારી કરી છે. દૂતાવાસે નાગરિકોને હવાઈ કે જમીન માર્ગે ઈરાન ન જવાની સલાહ આપી છે. પ્રાદેશિક તણાવને કારણે, હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધો અને અનિશ્ચિતતાઓ યથાવત છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ કામગીરી પર અસર પડી રહી છે. દૂતાવાસે ભારતીય નાગરિકોને ફક્ત નિયુક્ત સરહદ ક્રોસિંગ દ્વારા જ દેશ છોડવા અને આ સમયગાળા દરમિયાન દૂતાવાસ સાથે સંકલન જાળવવા અપીલ કરી છે.વિદેશમંત્રાલયમાં સયુક્ત સચિવ અસીમ મહાજને જણાવ્યું કે પશ્ચિમ એશિયામાં રહેતા ભારતીય નાગરિકોની સુરક્ષા કરવી એ સરકારની પ્રાથમિકતા છે.

## (BYTE- ASEEM MAHAJAN )

# REV. TRUMP- IRAN WAR

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે વ્હાઇટ હાઉસમાં થયેલી વાતચીત બાદ ઇઝરાયલ અને લેબનોન યુદ્ધવિરામને ત્રણ અઠવાડિયા માટે લંબાવવા સંમત થયા છે.

ટ્રમ્પે અમેરિકાની મધ્યસ્થીથી થયેલી વાટાઘાટોના બીજા તબક્કા માટે ઓવલ ઓફિસમાં ઇઝરાયલના વોશિંગ્ટન સ્થિત રાજદૂત યેચિએલ લેટર અને લેબનોનના યુએસ રાજદૂત નાદા મોવાદ સાથે બેઠકનું આયોજન કર્યું હતું. ટ્રમ્પે કહ્યું કે, ગયા અઠવાડિયામાં ઇઝરાયલ અને લેબનોનના રાજદૂતો વચ્ચે આ બીજી બેઠક હતી. શરૂઆતનો 10 દિવસનો યુદ્ધવિરામ સોમવારે સમાપ્ત થવાનો હતો.

દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના સંઘર્ષમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની શક્યતાને નકારી કાઢી છે. તેમણે કહ્યું કે તેઓ ઇસ્લામિક રિપબ્લિક સાથે શાંતિ કરાર પર પહોંચવાની આશા રાખે છે અને તેમાં ઉતાવળ કરવા માંગતા નથી. તેમણે ઉમેર્યું હતું કે કોઈને પણ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

.

# IPL

IPL ક્રિકેટમાં, આજે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. દરમિયાન ગઇકાલે રાતે ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સને 103 રનથી હરાવ્યું. જીત માટે 208 રનનો પીછો કરતા મુંબઈ ઈન્ડિયન્સ 19 ઓવરમાં માત્ર 104 રનમાં ઓલઆઉટ થઈ ગયું. પહેલા બેટિંગ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 207રન બનાવ્યા હતા.

54 બોલમાં અણનમ 101 રનનું યોગદાન આપનાર ચેન્નાઈની ટિમના ખેલાડી સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા
- આજના અખબારોમાં પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ વિધાનસભા ચૂંટણી અંગેના સમાચાર છે.
- સંદેશ અને દિવ્ય ભાસ્કર લખે છે કે, વિક્રમી મતદાન, પશ્ચિમ બંગાળમાં 92.64 ટકા, તામિલનાડુમાં 85.13 ટકા: બંગાળમાં અનેક સ્થળોએ હિંસા.
- ફૂલછાબ અને નવગુજરાત સમય લખે છે કે, બંગાળમાં અભૂતપૂર્વ 92 ટકા, તમિલમનાડુમાં 85 ટકા અસાધારણ-ઐતિહાસિક મતદાન.
- અને ગુજરાત સમાચાર લખે છે કે, ભારત અને ચીન નારકના દ્વાર છે: ટ્રમ્પનો લવારો.

- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે પાંચના ટકોરે બંધ થશે , ઉમરેઠ પેટા ચૂંટણીમાં 59 ટકા જેટલુ મતદાન નોંધાયું, અમદાવાદમાં બે દિવસમાં તાપમાન 44 ડીગ્રીએ પહોંચવાની શક્યતા, નિકોલમાંથી ભેળસેળયુક્ત 400 કિલો ઘીનો જથ્થો જપ્ત કરાયો

.

--------------------